અપીલ અરજી નં.૭૧ તા.૨૫–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૩–૪–૧૦ ની અરજીથી ભટારરોડ એટોપનગર સોસાયટી બંગલા નંબર **A/1 ,B/1** તેમજ **A/2 ,B/2** વાળી ગલીમાં સોસાયટીએ પ્લાન મંજુર કરાવતી વખતે જે ગલી છોડવામાં આવેલ આ ગલીના છેડા પર **A/1** તેમજ **A/2** વાળા બંગલાના માલીકે જે ગેરકાયદેસર દબાણ કરવામાં અવેલ છે એ દબાણવાળી જગ્યાની માલીકી **A/1** તેમજ **A/2** ના બંગલાના માલીકીની છે કે આ જગ્યાની માલીકી સુ.મ.પાની છે. જો જગ્યાની માલીકી સુ.મ.પા.ની હોય તો ગેરકાયદેસર દબાણ કરવામાં આવેલ છે જે તોડવાની જવાબદારી સુ.મ.પા.ની આવે છે કે નહિં તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૫–૫–૧૦ ની **SMC/FAP/** નં.૭૧/૨૦૧૦–૧૧

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૩–૪–૧૦ ની અરજીથી ભટારરોડ એટોપનગર સોસાયટી બંગલા નંબર **A/1 ,B/1** તેમજ **A/2 ,B/2** વાળી ગલીમાં સોસાયટીએ પ્લાન મંજુર કરાવતી વખતે જે ગલી છોડવામાં આવેલ આ ગલીના છેડા પર **A/1** તેમજ **A/2** વાળા બંગલાના માલીકે જે ગેરકાયદેસર દબાણ કરવામાં અવેલ છે એ દબાણવાળી જગ્યાની માલીકી **A/1** તેમજ **A/2** ના બંગલાના માલીકીની છે કે આ જગ્યાની માલીકી સુ.મ.પાની છે. જો જગ્યાની માલીકી સુ.મ.પા.ની હોય તો ગેરકાયદેસર દબાણ કરવામાં આવેલ છે જે તોડવાની જવાબદારી સુ.મ.પા.ની આવે છે કે નહિં તેની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને મ.જાહેર માહિતી અધિકારી અઠવાઝોનના પત્ર નં.સા.વે.ઝોન(અઠવા) /આરટીઆઈ/અ ા . ૧૭૯ તા.૨૪–૫–૧૦ થી આપેલ માહિતી અધૂરી તેમજ ખોટી તેમજ સંતોષકારક ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૦૮ તા.૨–૬–૧૦ થી ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન /અઠવા/આરટીઆઈ/ આ.નં.૨૫૮ તા.૧ ૬–૬–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પાઠવેલ પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૭૯ તા.૨૪–૫–૧૦ ના પત્રની નકલ તથા એકનોલ ેજમેન્ટ સ્લીપની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૨૩–૪–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી અઠવાઝોન જાહેર માહિતી અધિકારીને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૭૯ તા.૨૪–૫–૧૦ થી " અઠવાઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં ભટાર રોડના એટોપનગર સોસા.ના ટેના નં.એ/૧ અને બી/૧ તથા એ/૨ અને બી/૨ વચ્ચેની જગ્યાની માલિકી સુરત મહાનગરપાલિકાની નથી." તેવું જણાવેલ છે. તે બાબતે અરજદારે તા.૨૫–૫–૧૦ ના રોજ અપીલ અરજી કરી મ.જાહેર માહિતી અધિકારી તરફથી જે માહિતી આપવામાં આવેલ છે તે અધૂરી ખોટી અને સંતોષકારક આપવામાં આવેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જેમાં માહિતી માંગેલ જેમાં પુછવામાં આવેલ કે દબાણવાળી જગ્યાની માલિકી એ/૧ તેમજ એ/૨ વાળાની કે સુમપાની છે પરંતુ મને ફકત માહિતી આપવામાં આવી છે કે માલિકી સુરત મહાનગરપાલિકાની નથી તો પછી પ્લાન મંજુર કરતી વખતે જે જગ્યા છોડવામાં આવી એ જગ્યા ખરેખર સુરત મહાનગરપાલિકાની આવે છે. એટલે જ આ જગ્યા પર રોડ બનાવવામાં આવેલ છે. તેમજ સુરત મહાનગરપાલિકા તરફથી મળતી તમામ સુવિધા આપવામાં આવેલ છે. જે જગ્યાની માલિકી એ/૧ તથા એ/૨ વાળા ની હોય તો સુરત મહાનગરપાલિકા કોઈ પણ પ્રકારની સુવિધા આપતી નથી તે વાત ખાસ ધ્યાને લેવી અને ખરેખર દબાણવાળી જગ્યાની માલિકી કોની છે તેની મને જાણ કારી તેમજ સાચી માહિતી અપાવવી તેવી રજૂઆત અરજદારે કરેલ છે. અરજદારે મુળ અરજીમાં એ/૧ એ/૨ તેમજ એ/૧ અને એ/૨ વાળી ગલીમાં પ્લાન મંજુર કરતી વખતે છોડવામાં આવેલી ગલીના છેડા પર એ/૧ તથા એ/૨ વાળા બંગલાના માલિકે દબાણ કરેલ છે. તેની માલિકી સુરત મહાનગરપાલિકાની છે અને તે તોડવાની જવાબદારી સુરત મહાનગરપાલિકાની છે. એટલે કે સુરત મહાનગરપાલિકાની જગ્યાની માલિકી ની માહિતી માંગેલ છે. જે જાહેર માહિતી અધિકારીએ માહિતીમાં જણાવેલ છે કે તે સુરત મહાનગરપાલિકાની નથી. જયારે અરજદારે અપીલ તબકકે અધૂરી અને ખોટી માહિતીના સંદર્ભમાં ગલીના છેડા ઉપર ની જગ્યા સુરત મહાનગરપાલિકાની નથી તો પ્લાન મંજુર કરતી જગ્યા સુરત મહાનગરપાલિમાં આવેલ છે તેમાં રોડ બનાવવમાં આવેલ છે તે તમામ સુવિધાઓ આપવામાં આવેલ છે તે જગ્યાની માલિકી એ/૧ કે ૧/૨ વાળાની હોય તો આ પ્રકારની સુવિધા આપવામાં આવતી નથી વિગેરે રજૂઆત કરવામાં આવેલ છે. જે મુળ અરજીથી માંગવામાં આવેલી માહિતી કરતાં અપીલ તબકકે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરી અલાયદી માહિતી માંગવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૩–૪–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડેલ હોય અપીલ અંગે વિશેષ કંઈ કરવાનું રહેતુ ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે. અરજદારે અપીલમાં કરેલી રજૂઆત મુળ અરજીથી અપીલ તબકકે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરી અલાયદી રજૂઆત અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,